ફરિયાદ દાખલ તારીખ : ૦૬/૧૦/૨૦૨૨
રજીસ્ટર કર્યા તારીખ : ૦૬/૧૦/૨૦૨૨
નિકાલ કર્યા તારીખ : ૨૯/૧૨/૨૦૨૨
સમય અવધિ : વર્ષ– માસ– દિવસ

सत्यमेव जयते

---

મહેરબાન શિહોરીના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.શિહોરી.

---

ક્રિમી.કેસ.નંબર : ૨૨૮૨/૨૦૨૨
આંક :– ૧૨

ફરિયાદી :– શ્રી સરકાર.

વિરુદદધ

આરોપી :– પરબતસીંહ ભગવાનસીંહ ડાભી
રહે. શીહોરી ઉદરીયામાર્ગ તા. કાંકરેજ, જિ.બનાસકાંઠા

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ...

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી. એ.એચ.પટેલ

આરોપી તરફે વિ.વ.શ્રી વી.પી.પરમાર

---

**–:: ઠ રા વ ::–**

---

(૧)... ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના ઘરમાં દેશીદારૂ લીટર–૦૨, કિંમત રૂ.૪૦/– નો ગે.કા. અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર ના મળી આવી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા બાબતે આ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨)... આ કામના આરોપીને સમન્સ બજતાં તેના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડેલ છે અને આંક–૦૪ થી તહોમતનામું ફરમાવામાં આવેલ છે અને આંક–૦૫ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલા છે. જેમાં, આરોપીએ તેના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી, ઉપરોકત ગુના સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩)... ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **મૌખિક પુરાવો...** | | **આંક...** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ પુનભા વિનુભા ડાભીની જુબાની | ૦૭ |
| (૨) | પંચસાહેદ વદનજી જીતાજી ઠાકોરની જુબાની | ૦૯ |
| (૩) | ફરીયાદી પ્રકાશકુમાર રામસુંગભાઈની જુબાની | ૧૦ |
| **દસ્તાવેજી પુરાવો...** | | **આંક...** |
| (૧) | પંચનામું. | ૦૮ |
| (૨) | ફરિયાદ. | ૧૧ |

(૪)... ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ના હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના રેડ અંગેના પંચસાહેદોએ સમર્થન આપેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જેથી, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

(૫)...ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના ઘરમાં દેશીદારૂ લીટર-૦૨, કિંમત રૂા.૪૦/-નો ગે.કા. અને વગર પાસ પરમીટ નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર ના મળી આવી, પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭)... ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

(૮).. મુદ્દા નંબર-૧ અને ૨..

આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા ફરિયાદપક્ષે આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના ઘરમાં દેશીદારૂ લીટર-૦૨, કિંમત રૂા.૪૦/- પ્રોહી મુદ્દામાલ રાખી વેચાણ કરતા મળી આવેલ

હોવાનું પુરવાર કરવું પડે અને આ બાબત પુરવાર કરવા ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આ કામના ફરિયાદીને તપાસેલ છે જેઓએ ફરિયાદપક્ષના કેસને સમથૅન કારી જુબાની આપેલ છે કે, બનાવ સમયે હું તથા પોલીસ સ્ટાફના માણસો શીહોરી ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે ફરતા ફરતા શીહોરી ઉદરીયાવાસ જવાના માર્ગ ઉપર આવતા ખાનગી રાહે બાતમી મળેલ કે, શીહોરી ગામે ખેતરમાં ઘર બનાવીને રહેતા પરબતસીંહ ભગવાનસીંહ ડાભી પોતાના કબજા ભોગવટાના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે. જે બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી સદરહુ ઈસમના ઘર રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહી અને પંચો રૂબરૂ તેના ઘરની ઝડતી તપાસ કરતા દેશી દારૂ લીટર-૨ કિંમત રૂ.૪૦/-નો ગે.કા. અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જે મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ અને બાકીના મુદ્દામાલનો સ્થળ પર જ નાશ કરેલ. આરોપીને બાદમાં અટક કરેલ અને આ બાબતે ફરિયાદીએ ફરિયાદ આપેલી હતી. આમ, ફરિયાદીના પુરાવા પ્રમાણે બનાવ સમયે ફરિયાદીની સાથે પંચસાહેદો હતા અને પંચસાહેદોની હાજરીમાં જ મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલી છે. પરંતુ, પંચસાહેદોનો પુરાવો જોતાં પંચસાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકતો જણાવેલ છે જે બાબત સાથે પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ખરેખર આ કામના પંચસાહેદોની હાજરીમાં આરોપી મળી આવેલ નથી. તથા આરોપીના પોતાના કબજા ભોગવટાના ઘરમાંથી દેશીદારૂ વિગતે પોલીસે પંચો રૂબરૂ કબજે કર્યાની હકીકત શંકા ઉપજાવે છે.

(૯).. વધુમાં, આ કામે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેઓ ઉલટતપાસમાં પોતાની સરતપાસની હકીકતને વળગી રહેલ છે. આ કામે પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય, તેમ છતાં, કોઈ સાહેદોના નિવેદન કે પુરાવો રજૂ કરવામાં ન આવે ત્યારે આ બાબત ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે આ કામે મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે જેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કારી એવી કોઈ હકીકતો પોતાની જુબાનીઓમાં જણાવેલ નથી અને ફકત તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતો જણાવેલ છે ત્યારે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના સમર્થન ફરિયાદીનો પુરાવો કે જેમાં પણ વિસંગતતા અને શંકા જણાય છે તેને ધ્યાને લઈ, તેમજ આ કામે આરોપી હાજર મળી આવેલ નથી. તથા આ કામના આરોપીના કબજા ભોગવટા વિશે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. તેવા સંજોગોમાં હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી સદરહુ મુદ્દામાલ મળી આવેલ હોવાનું ફલિત થતુ નથી. તેમજ, આ કામે ફરિયાદી દવારા મળી આવેલ મુદ્દામાલ દેશીદારુ હોવાનો પુરાવો રજૂ કરવા અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આ કામના આરોપી દેશીદારુ બનાવતા હોવાનું તથા આરોપીના પોતાના કબજા ભોગવટાના ઘરમાં દેશીદારૂ રાખેલ હોવાનું પણ શંકાસ્પદ જણાય છે ત્યારે આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલાનુ માની શકાય નહીં.

(૧૦). વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય, ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશન પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં અને ફરિયાદપક્ષમાં રહેલ આવી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો સાથે આ કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોતાં આરોપી પાસેથી પાસ પરમીટ વગર દેશીદારૂ વગેરે મુદામાલ મળી આવેલ હોવાનું પુરવાર થતુ નથી. આમ, જે પુરાવા રજૂ છે તેનાથી આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવો ન્યાયના હિતમાં યોગ્ય જણાય છે અને તેથી મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.ર લગત નીચે મુજબનો હુકમ કરૂ છું.

**-:: હુ ક મ ::-**

**(૧)** આ કામના આરોપીને ગુજરાત પ્રોહી. એકટ, ૧૯૪૯ની કલમ-૬પ એએ મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ ૧૯૭૩ ની કલમ.ર૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

**(૩)** આરોપીના અગાઉ રજૂ થયેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

**(૪)** આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટમાં અપીલ થવાના સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ.૪૩૭ (એ) મુજબ છ માસ માટે આરોપીને રૂા.પ૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : શિહોરી
તા.ર૯/૧ર/ર૦રર

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
જયુ. મેજી.ફર્સ્ટ કલાસ, શિહોરી.
કોડ નં જી.જે ૦૧ર૭૮